વલસાડ પાલિકા સભામાં 13 સભ્ય ગેરહાજર

ભાજપી ઉપપ્રમુખે જ પાલિકામાંથી માહિતી મળતી ન હોવા અંગે ઉગ્ર રજૂઆત કરી તો વિપક્ષની ગેરહાજરી વર્તાઈ નહીં

સામાન્ય મુદ્દા પર ચર્ચા ન થઈ અને પંદરેક મિનિટમાં તો સભા પૂર્ણ થઈ ગઈ

વલસાડઃ વલસાડ નગરપાલિકાની ગુરુવારે મળેલી સામાન્ય સભા આશ્ચર્યજનક રીતે માત્ર 10થી 15 મિનિટમાં જ પૂર્ણ થઇ ગઇ હતી. ગત સામાન્ય સભામાં લેવાયેલાં 14 કામના વિરોધની આ સભામાં આશા સેવાઇ રહી હતી, પરંતુ વિરોધ કરનારા 17 સભ્ય પૈકી 13 સભ્ય સભામાં હાજર જ રહ્યા ન હતા. તેમણે સભામાં હાજર રહી વિરોધ કરવાના બદલે ગેરહાજર રહેવાનું પસંદ કરતાં અનેક સવાલો ઊઠ્યા છે. જો કે, તેમના બદલે વલસાડ નગરપાલિકાના ભાજપી ઉપપ્રમુખે જ પાલિકામાંથી માહિતી મળતી ન હોવાની ઉગ્ર રજૂઆત કરતાં સભામાં થોડો ગરમાવો આવ્યો હતો.

વલસાડના અટલ બિહારી વાજપેયી હોલમાં પ્રમુખ માલતીબેન ટંડેલની અધ્યક્ષતામાં યોજાયેલી સામાન્ય સભામાં ઉપપ્રમુખ આસુતોષ મિશ્રાએ પાલિકાના સફાઇ કોન્ટ્રાક્ટના વિવાદિત કામ અંગે ઉગ્ર ચર્ચા કરી હતી. તેમણે જણાવ્યું કે, એજન્સી બદલવાની વાત કરો છો, પરંતુ કઇ એજન્સીનો કેટલો ભાવ આવે તેની જાણ કરજો. પાલિકામાં આરટીઆઇ કરીએ તો પણ માહિતી આપતા નથી. ત્યારે તેમણે રૂ.1.7 કરોડના સફાઇ કોન્ટ્રાક્ટને રૂ.4.6 કરોડનો કરવા સામે પોતાનો મત રજૂ કર્યો હતો. જો કે, બીજી તરફ આરોગ્ય સમિતિના ચેરમેન હિતેશ ભંડારીએ જણાવ્યું હતું કે, અગાઉ 26 ટ્રેક્ટર ફરતા હતા, હવે 33 ટ્રેક્ટર થશે. આ ઉપરાંત સ્કીલ્ડ અને અનસ્કીલ્ડ કર્મચારીઓના રોજિંદા ભથ્થામાં પણ વધારો થયો છે. તેમજ આ વખતે જીએસટીની પણ ચૂકવણી કરવાની રહેતી હોય તેની કિંમત ઉંચી જશે.

વલસાડ નગર પાલિકાની સભામાં વિરોધ પક્ષના એકમાત્ર સભ્ય પણ ગેરહાજર રહ્યા હતા. તેમણે પણ હાજર રહી વિરોધ દર્શાવવાનો મોકો ગુમાવ્યો હતો. તેમજ બે અપક્ષ સભ્ય પણ ગેરહાજર રહ્યા હતા. તેમની સાથે 14 કામનો વિરોધ કરનારા ભાજપના 10 સભ્યો પણ ગેરહાજર રહ્યા હતા.

અગાઉ ખાનગી સોસાયટીઓમાં રોડ કઈ રીતે બનાવી આપ્યા? ચીફ ઓફિસર જવાબ આપી શક્યા નહીં

સભામાં ઉપપ્રમુખ આસુતોષ મિશ્રાએ ખાનગી સોસાયટીમાં રોડ અંગે પાલિકા પાસે જવાબ માંગ્યો હતો. તેમણે જણાવ્યું કે, સોસાયટીના રોડ પાલિકાને સોંપવામાં આવે તો જ બનાવવા હાલના એન્જિનિયર નગ્માબેન જણાવે છે, પરંતુ અગાઉ કઇ રીતે વિવિધ સોસાયટીમાં રોડ બનાવી આપ્યા હતા તેનો જવાબ માંગ્યો હતો. જેનો જવાબ ચીફ ઓફિસર આપી શક્યા ન હતા. સોસાયટીના રોડના મુદ્દે પણ તેમણે સભા ગજવી હતી.

ધરમપુર સ્ટેટ હોસ્પિટલમાં સાડા ત્રણ વર્ષના બાળકનું મોત થતાં સ્ટાફ સામે આક્રોશ

મોતનું ચોક્કસ કારણ જાણવા પી.એમ. માટે ભુસારા પરિવારે પોલીસ ફરિયાદ નોંધાવી

ધરમપુરઃ કપરાડા તાલુકાના ખુકુનીયા ગામના સંતોષભાઇ નામુભાઇ ભુસારાના પુત્ર ભાવેશ (ઉ.આ.3 વર્ષ 5 માસ)ની ગત તા.૨૮/૭/૨૦૨૫ના રોજ રાત્રે આશરે ત્રણેક વાગ્યે તબિયત બગડી હતી અને તેને ઘણો તાવ આવ્યો હતો. જેથી સંતોષભાઈ તથા તેમનાં પત્ની ગીતાબેન અને તેમના પિતા નામુભાઇ લક્ષ્મણભાઇ ભુસારા રાત્રિના આશરે ત્રણેક વાગ્યે ભાવેશને લઇ સુથારપાડા સરકારી દવાખાનામાં સારવાર માટે ગયાં હતાં અને ત્યાં તેને સારવાર માટે દાખલ કર્યો હતો. સારવાર ચાલુ હતી અને તેને ખાંસી વધુ આવતી હતી. જેથી ભાવેશને ધરમપુર સ્ટેટ હોસ્પિટલમાં વધુ સારવાર માટે રિફર કરતાં તેને 108 એમ્બ્યુલન્સમાં ધરમપુર સ્ટેટ હોસ્પિટલમાં તા.૨૯/૭/૨૦૨૫ના સવારે નવ વાગ્યે લાવી સારવાર માટે દાખલ કર્યો હતો. સવારે છોકરા ભાવેશની તબિયતમાં સુધારો આવી ગયો હતો અને તે ચાલતો ફરતો હતો. તેણે સફરજન તેમજ રોટલી પણ ખાધી હતી. છોકરાની તબિયત સારી હોવાથી સંતોષભાઇ ઘરે જવા નીકળ્યા હતા અને હોસ્પિટલમાં તેમની પત્ની તથા તેમના પિતા રોકાયા હતા. દસેક વાગ્યે ઘરે કપરાડા જવા નીકળ્યા હતા ત્યારે રસ્તામાં તેમની પત્નીનો ફોન આવ્યો હતો અને તાત્કાલિક હોસ્પિટલે આવવા કહેતાં સંતોષભાઇ અડધા રસ્તેથી પરત ધરમપુર સ્ટેટ હોસ્પિટલમાં આવ્યા હતા. ત્યારે તેમની પત્ની તથા તેમના પિતાએ જણાવ્યું હતું કે, ભાવેશને નર્સ પકડીને ઇન્જેક્શન આપતી હતી દરમિયાન ભાવેશે અચાનક બોલવાનું બંધ કરી દીધું હતું અને તેને ચેક કરતાં તે મરણ ગયો હતો. જેથી તેઓએ ત્યાંના ડોક્ટર તેમજ નર્સને છોકરાનું મોત કઇ રીતે થયું છે તેમ પૂછતાં તેમણે કોઇ જવાબ આપ્યો ન હતો અને ભાવેશનું મોત તેને ઇન્જેક્શન આપતા દરમિયાન થયું છે તેમ પત્નીએ તેમને જણાવ્યું હતું.

છોકરાના મોત બાબતે શંકા હોવાથી મોતનું ચોક્કસ કારણ જાણવા પી.એમ. કરાવવું છે એવા ઉલ્લેખ સાથે ધરમપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

મજીગામમાં દેસાઈવાડ પ્રાથમિક શાળાના કમ્પાઉન્ડમાં ટ્રસ્ટ મંડળના ઓરડા જર્જરિત

લેખિત જાણ કરવા છતાં ઓરડા તોડવામાં ન આવતાં અકસ્માતનું જોખમ

ધર્મેશ પટેલ

ઘેજઃ ચીખલી નજીકના મજીગામમાં દેસાઇવાડ પ્રાથમિક શાળાના કમ્પાઉન્ડમાં ટ્રસ્ટ મંડળના જર્જરિત ઓરડા લેખિત જાણ કરવા છતાં તોડવામાં ન આવતાં અકસ્માતનું જોખમ તોળાઈ રહ્યું છે. ત્યારે આ જર્જરિત ઓરડા તોડવા માટે તંત્ર ગંભીરતા દાખવે એ જરૂરી છે.

મજીગામના દેસાઇવાડમાં જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત આઠ ધોરણની પ્રાથમિક શાળામાં હાલ ૧૦૦ જેટલા વિદ્યાર્થી અભ્યાસ કરે છે અને પાંચ જેટલા શિક્ષકોનો સ્ટાફ છે. આ શાળા હાલ તો નવા મકાનમાં કાર્યરત છે. પરંતુ આ શાળાના કમ્પાઉન્ડમાં કેળવણી ટ્રસ્ટ મંડળના એક મકાનના બે ઓરડા ભોંયતળિયે અને ઉપર પહેલા માળે હોલ છે, જેમાં નળિયાવાળી છત છે. જેની બાજુમાં બીજું મકાન તેમાં નળિયાવાળી છતના ત્રણ ઓરડા છે. ક્યાંક છત તૂટી છે, તો ક્યાંક તિરાડ પડવા સાથે ઘાસ અને ઝાડ ઊગી નીકળ્યાં છે. બારી પણ તૂટેલી હાલતમાં છે. પ્લાસ્ટરના પોપડા પણ ઉખડી ગયા છે. દેસાઇવાડ પ્રાથમિક શાળામાં ટ્રસ્ટ મંડળના આ જર્જરિત મકાનની પાછળ રમતગમતનાં સાધનો પણ શાળાના સ્ટાફ દ્વારા આ મકાનની ફરતે દોરી બાંધી હંગામી રીતે કોર્ડન કરાયું છે. છતાં કોઈ બાળક રમતા રમતા પહોંચી જાય તો જોખમ રહે છે.

ટ્રસ્ટ દ્વારા જર્જરિત ઓરડા તોડાતા નથી

ઈનચાર્જ ટીપીઇઓ વિજયભાઇના જણાવ્યાનુસાર દેસાઇવાડ પ્રાથમિક શાળાની જમીન બે ભાગમાં વહેંચાયેલી છે. આ જર્જરિત ઓરડાવાળો ભાગ ટ્રસ્ટના નામે છે અને તોડવાની પરવાનગી આપવામાં આવી છે. પરંતુ ટ્રસ્ટ દ્વારા જર્જરિત ઓરડા તોડાતા નથી. આ અંગેની ફાઇલ જિલ્લા કક્ષાએ પણ મોકલાવી છે.

ટીડીઓને લેખિત રજૂઆત કરી છે

મજીગામ કેળવણી ટ્રસ્ટના ટ્રસ્ટી પ્રેમલભાઇ દેસાઇના જણાવ્યાનુસાર અમે તા.પં.ને આ મકાન ભાડે આપ્યું છે. આ મકાનના કબજા માટે બે-ત્રણ વખત તાલુકા પંચાયતમાં ટીડીઓને લેખિત રજૂઆત કરી છે. પરંતુ કોઈ નિર્ણય જ લેવાતો નથી. અમને ગયા વર્ષ સુધી મકાનનું ભાડું પણ આપવામાં આવ્યું હતું.

પારડી પાલિકાની સભામાં વિપક્ષે ડોર ટુ ડોર કચરાના કોન્ટ્રાક્ટનો મુદ્દો ઉઠાવ્યો

નિવૃત્ત કર્મચારીને પરત લેવા બાબતે બીપીન પટેલે પ્રશ્નો કરતાં 11 માસનો કરાર કરી લીધો હોવાનો ખુલાસો થયો

અમૃત પટેલ

પારડીઃ પારડી પાલિકાની સામાન્ય સભા મળી હતી. સૌપ્રથમ સભ્યોના રજાના રિપોર્ટ મંજૂર કરવામાં આવ્યા હતા. જે બાદ ગત સામાન્ય સભાને કાર્યવાહીને બહાલી અપાઈ હતી. કારોબારી સભાની કાર્યવાહીને વંચાણે લેતાં વિવિધ વિકાસનાં કામોના ઠરાવ બાબતે સભા 2 કલાક જેટલી લંબાઈ હતી, જેમાં ડોર ટુ ડોર કચરો ઊંચકવાનો કોન્ટ્રાક્ટ બાબતે વિપક્ષે પ્રશ્નો ઉઠાવ્યા હતા.

પારડી નગરપાલિકા સભાખંડમાં ગુરુવારે સવારે 11:30 કલાકે પ્રમુખ ચેતન નાયકાના અધ્યક્ષ સ્થાને સામાન્ય સભાની બેઠક મળી હતી. આ બેઠકમાં ડોર ટુ ડોર કચરો ઊંચકવાના અંદાજે રૂ.1 કરોડના ખર્ચે કોન્ટ્રાક્ટ શિવ ભવાનીને આપવા બાબતે વિપક્ષના બીપીન પટેલે પ્રશ્નો ઉઠાવ્યા હતા. તેમજ લક્ષ્મી ઉદ્યાન બાગની હાલત 8 જ વર્ષમાં ખરાબ થઈ, નગરના ફુવારા બંધ પડતાં ધૂળ ખાતી હાલતમાં પડ્યા હોવાના મુદ્દા ઉઠાવ્યા હતા. તાજેતરમાં જ રીટાબેન સિનિયર ક્લાર્ક તરીકે નિવૃત્ત થયા છતાં પરત લેવામાં આવ્યાં હતાં. આ સવાલ સામે સીઓ બી.બી.ભાવસારે તેમને 11 માસનો કરાર કરી લીધા હોવાનું જણાવ્યું હતું. તેમજ જીવીપી પોઈન્ટ બાબતે મુદ્દો ઉઠાવતાં આરોગ્ય ચેરમેન કિરણ પટેલે જણાવ્યું હતું કે જીવીપી પોઈન્ટ પર પેવર બ્લોક લગાવવામાં આવી રહ્યા છે.

પ્રમુખ ચેતન નાયકાએ જણાવ્યું હતું કે, નગરજનોની સુવિધા માટે નવી ટાંકી ચાલુ કરી પરંતુ પાઈપલાઈન 25થી 30 વર્ષ જૂની હોવાથી પાણીનું પ્રેશર ઓછું કરી પાણી નગરજનોને પહોંચાડવામાં આવે છે. આ અંગે સભ્યો સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ નવી પાઈપલાઈન નાખવાની કામગીરી કરાશે. તેમજ વોટર વર્કસ, આરોગ્ય, વીજળી સમિતિનાં કામોને ધ્યાનમાં લઇ વિકાસનાં વિવિધ કામોને મંજૂર કરવામાં આવ્યાં છે. તેમજ બિસમાર રોડની કામગીરી, નગરના ફુવારાને ચાલુ કરવામાં આવશે હોવાનું જણાવ્યું હતું. આ બેઠકમાં ચીફ ઓફિસર બી.બી. ભાવસાર, કારોબારી અધ્યક્ષ ચેતન ભંડારી, બાંધકામ અધ્યક્ષ પ્રણવ દેસાઈ વિવિધ સમિતિના ચેરમેનો, ચુંટાયેલા સભ્યો વગેરે હાજર રહ્યા હતા. આ સામાન્ય સભામાં ખાસ કરીને ગ્રામજનો તેમજ ચુંટાયેલા સભ્યોના પતિદેવો, સંગઠનના અગ્રણીઓ વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સંક્ષિપ્ત સમાચાર

પૈસા મળે છે ત્યાં માણસ ઊંઘ અને આરામને પણ ભૂલી જાય છે: પદ્મદર્શનવિજયજી

કેસરી બારીયા

બીલીમોરાઃ સોમનાથ રોડ સ્થિત શ્રી ગોહરબાગ જૈન સંઘમાં પૂ.પંન્યાસપ્રવર પદ્મદર્શનવિજયજી મહારાજે ધર્મસભાને સંબોધતા જણાવ્યું હતું કે, પૈસાની પાછળ તમારી જિંદગીના બધા જ શ્વાસો ખર્ચાઈ રહ્યા છે. જ્યાં પૈસા મળે છે ત્યાં માણસ ઊંઘ અને આરામને પણ ભૂલી જાય છે. ખાવા-પીવા અને પરિવારને પણ વિસરી જાય છે. લોભ સંજ્ઞા અત્યંત ખતરનાક છે. જ્ઞાનદૃષ્ટિ ખૂલે ત્યારે જ વિવેકદૃષ્ટિ ખૂલે છે. ભોજન કેટલું લેવું? અને બૂટ ક્યા માપના પહેરવા એની આપણને સમજણ છે, પણ પૈસા કેટલા જોઈએ એનો વિવેક, અક્કલ કે સમજણ આજના માણસ પાસે નથી. પૈસા કઈ રીતે કમાવા એની કોઈ પણ જાતની માનવ પાસે 'બ્લ્યુપ્રિન્ટ' નથી. આજે તો ટીન એજના કેટલાય યુવાનો શેરબજારના રવાડે ચડીને દેવાદાર બનીને 'સ્યુસાઈડ'નું અંતિમ પગલું ભરી રહ્યા છે. શેરબજારમાં પણ કેટલાક લોકો રાતોરાત કરોડપતિ થવા માટે ડેલ્ટા અને સટ્ટા બજારમાં સલવાયા છે. અસંયમ અને અસંતોષ નામના બે રાક્ષસોએ સર્વત્ર કાળો કેર વર્તાવ્યો છે. આ બંને રાક્ષસો શરીર, મન, અંતઃકરણ અને આત્માને ખતમ કરી નાંખશે. સંપત્તિના ક્ષેત્રે ક્યાંક તો આપણે અટકવું જ પડશે.

ઉમરગામ તા.પં.ની ખાસ સામાન્ય સભામાં નાણાપંચના આયોજનની ચર્ચા

ઉમરગામઃ ઉમરગામ તાલુકા પંચાયતની આજે મળેલી ખાસ સામાન્ય સભામાં નાણાપંચનું આયોજન તથા સ્ટેમ્પ ડ્યુટી ફેર દરખાસ્તના કામો અંગે ચર્ચા કરવામાં આવી હતી. ખાસ સામાન્ય સભા પ્રમુખ લલીતાબેન દુમાડાના અધ્યક્ષ સ્થાને સભ્યોની ઉપસ્થિતિમાં મળી હતી. સભામાં ગત સભાની કાર્યનોંધને બહાલી આપવામાં આવી હતી તથા 15મા નાણાપંચનું તાલુકા કક્ષાએ સને 2025 - 26નું આયોજન કરવા તથા 15મું નાણાપંચ તાલુકા કક્ષા 2024-25ના મંજૂર થયેલા કામોનો અગ્રતાક્રમ નક્કી કરવા સ્ટેમ્પ ડ્યુટી તથા નાણાપંચ તાલુકા કક્ષાના કામોની ફેર દરખાસ્ત મંજૂર કરવા ચર્ચા કરવામાં આવી હતી. સભામાં ઉપસ્થિત ધારાસભ્ય રમણભાઈ પાટકરે કામના આયોજનમાં ડુપ્લિકેશન ન થાય તેનું ધ્યાન રાખવા જણાવ્યું હતું. સભાનું સંચાલન ઇન્ચાર્જ તાલુકા વિકાસ અધિકારી દ્વારા કરવામાં આવ્યું હતું.

વાપીના છીરીથી 2 બેરોજગાર સહિત 7 ઈસમ જુગાર રમતા રંગેહાથ ઝડપાયા

વાપીઃ વાપી છીરી અહેમદનગર, સુન્ની મસ્જિદના ગાર્ડનની સામે ખુલ્લી જગ્યામાં 7 ઈસમ જુગાર રમતા ડુંગરા પોલીસના હાથે ઝડપાયા હતાં. પોલીસે દાવ અને અંગઝડતી કરી રોકડા 11 હજાર કબજે લઈ જુગારધારા કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો. વાપી ડુંગરા પોલીસે બાતમીને આધારે વાપી નજીકના છીરી અહેમદનગર, સુન્ની મસ્જિદના ગાર્ડનની સામે ખુલ્લી જગ્યામાં રેઈડ કરી હતી. જેમાં જુગાર રમી રહેલા 7 ઈસમ (1) સલીમ મહમદ હાસીમ અલી શેખ (ઉ.27) (2) મોહમદ અલી સઈ ખાન (ઉ.26) (3) અજીજ મુખ્તાર ચૌધરી (ઉ.27) (4) જલાલ અહેમદ જમીલ અહેમદ ચૌધરી (ઉ.23) (5) નફીસ નબીહુસેન ખાન (ઉ.30), (6) કરીમુલ્લા તબારક શાહ (મુસ્લિમ) (ઉ.26) (તમામ રહે. છીરી-વાપી) અને (7) અનવર ઈસ્લામ અન્સારી (ઉ.27, રહે. છરવાડા-વાપી) રંગેહાથ ઝડપાઈ ગયા હતા. જુગાર રમતા પકડાયેલા પૈકી 2 બેરોજગાર જ્યારે એક નોકરિયાત, જ્યારે અન્યો ફેબ્રીકેશન, કન્ટ્રકશન, સ્ક્રેપ, વોટર સપ્લાયનો ધંધો કરે છે. વાપી ડુંગરા પોલીસે દાવ તથા અંગઝડતી કરી રોકડા 11,310/- કબજે કરી જુગાર ધારા કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો.

સંઘપ્રદેશ દાનહ-દમણ-દીવના 3 આરોગ્ય અધિકારીની આંતરિક બદલી

દમણઃ સંઘ પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવ આરોગ્ય વિભાગમાં કાર્યરત 3 આરોગ્ય અધિકારીની આંતરિક બદલી કરવામાં આવી છે. આરોગ્ય વિભાગના સંયુક્ત સચિવ અમિત કુમાર પામસીએ દીવના આરોગ્ય અધિકારી ડોક્ટર એ.કે. સિંહની દીવની સરકારી હોસ્પિટલના મેડિકલ ઓફિસર તરીકે નિમણુંક કરી છે. દમણના ડો.પ્રતાપને દીવના ઇન્ચાર્જ તરીકે અને સેલવાસ મ્યુનિસિપલ હેલ્થ ઓફિસર શશિકાંત કુમારને મોટી દમણ કોમ્યુનિટી હેલ્થ સેન્ટરના ઇનચાર્જ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. જ્યારે નરોલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર વીરેન્દ્ર સોલંકીને સેલવાસ મ્યુનિસિપલ હેલ્થ ઓફિસર તરીકેની વધારાની જવાબદારી સોંપવામાં આવી છે.

આજે કપરાડા તાલુકાની ગ્રામ પંચાયતોમાં વીસીઈ કામકાજ ઠપ થઈ જશે

પડતર પ્રશ્ન મુદ્દે ઉકેલ ન આવતાં કપરાડા મંડળ દ્વારા ટીડીઓને આવેદનપત્ર અપાયું

વલસાડઃ ગુજરાત રાજ્ય પંચાયત કોમ્પ્યુટર સાહસિક મંડળ દ્વારા વિવિધ પડતર પ્રશ્નો મુદ્દે કોઈ ઉકેલ ન આવતાં અંતે 1 ઓગસ્ટના રોજ સમગ્ર રાજ્યના વી.સી.ઈ. તમામ પ્રકારનું કામકાજ બંધ રાખશે. કપરાડા તાલુકા એકમે તાલુકા વિકાસ અધિકારીને આ મુદ્દે આવેદનપત્ર પાઠવ્યું હતું. આવેદનપત્રમાં જણાવ્યા મુજબ ઈ-ગ્રામ સોસાયટીના શોષણ સામે વિરોધ નોંધાવવા આખા ગુજરાતમાં એક દિવસ તમામ પ્રકારની કામગીરી બંધ રાખવામાં આવશે. વી.સી.ઈ.ની માંગણીઓને લઈ વારંવાર રજૂઆત કરવા છતાં સરકાર અને ઈ-ગ્રામ સોસાયટી દ્વારા માંગણીઓનું નિરાકરણ ન કરાતાં ન્યાય મેળવવા વી.સી.ઈ.ને લગતી તમામ પ્રકારની કામગીરી બંધ રાખશે. કપરાડા તાલુકાના તમામ પંચાયતના વી.સી.ઈ. દ્વારા કામ બંધ કરવા આવેદનપત્ર આપતાં ગામડાંમાં કામગીરી બંધ રહેતાં લોકો અટવાશે.

ગ્રામ્ય લેવલે પંચાયતોમાં તલાટી સાથે વિલેજ કોમ્પ્યુટર એન્ટર પ્રોનિયર (વી.સી.ઈ.) ની સેવા મહત્ત્વની હોય છે. આવકના દાખલા, જનમ-મરણ દાખલા, 7/12, 8/અ ઉતારા નકલ, વિવિધ સહાય યોજનાની એન્ટ્રી સહિતની કામગીરી કરતા વીસીઈ દ્વારા પડતર પ્રશ્ન અંગે કામકાજ બંધ રાખતા અનેક સેવા ખોરવાશે.

સેલવાસ રિંગ રોડની સ્ટ્રીટ લાઈટ્સ બંધ રહેતાં ભારે હાલાકી, કાઉન્સિલરે કલેક્ટરને રજૂઆત કરી

વાપીઃ દાદરા નગર હવેલીના સેલવાસ રિંગ રોડ પર લગાવવામાં આવેલી સ્ટ્રીટ લાઈટો તથા હાઈમસ્ટ લાઈટો છેલ્લા કેટલાક સમયથી બંધ રહેતા અહીંથી અવરજવર કરનારા સ્થાનિકો, રાહદારીઓ તથા વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. રિંગ રોડ પર બંધ પડેલી સ્ટ્રીટ લાઈટોનું સમારકામ કરાવી ફરીથી ઝળહળતી કરવામાં આવે તે જરૂરી છે. આ ઉપરાંત જિલ્લા પંચાયત વિસ્તારમાં પણ સ્ટ્રીટ લાઈટો તથા હાઈમસ્ટ લાઈટો બંધ અવસ્થામાં છે. જે વિસ્તારોમાં માર્ગનું કામકાજ ચાલી રહ્યું છે તે છોડી અન્ય માર્ગોની બંધ પડેલી લાઈટોનું સમારકામ કરી ચાલુ કરવામાં આવે. આ સમસ્યા તથા તેના નિવારણ અંગે સેલવાસ મ્યુનિસિપલ કાઉન્સિલર સુમનભાઈ ટી. પટેલ દ્વારા કલેક્ટરને લેખિતમાં રજૂઆત કરી હતી.

રાતા પાંજરાપોળે મનપા પાસે મૃત પ્રાણીના અગ્નિદાહ માટે વ્યવસ્થા માંગી

પ્રાણીઓની અંતિમ વિધિ યોગ્ય માનવીય સંવેદના સાથે થાય એ માટે મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખ્યો

વાપીઃ વાપીના રાતા સ્થિત શ્રી અજિત સેવા ટ્રસ્ટના નેજા હેઠળ ચાલતી પાંજરાપોળના સંચાલકે વાપી મહાપાલિકાના કમિશનરને એક પત્ર લખી મૃત પ્રાણીની અંતિમવિધિ યોગ્ય અને માનવીય સંવેદના સાથે કરી શકાય તેના માટે મહાનગરપાલિકા દાહ વિધિ માટે જગ્યા, સાધનોની વ્યવસ્થા ઊભી કરી આપે તેવી માંગ કરી છે. પાંજરાપોળના સંચાલક રાજેશ હસ્તીમલ શાહે મનપાને લખેલા પત્રમાં જ્યાં સુધી આ દાહવિધિ માટેની પાયાની વ્યવસ્થા કાર્યરત થાય ત્યાં સુધી વૈકલ્પિક વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવે તેવી માંગ કરી છે.

છીરીમાં ઈશ્કી ટટ્ટુનું કારસ્તાન, યુવતીએ અવગણના કરી તો તમાચો મારી દીધો

વાપીઃ વાપી નજીકના છીરી રણછોડ નગરમાં બહેનપણી સાથે જઈ રહેલી 21 વર્ષીય યુવતીની છેડતી છીરી ગણેશનગરમાં રહેતા શખ્સે કરી હતી. તેણે યુવતીને ઓય.. ઓય.. કહી બોલાવતો હતો અને યુવતીની આબરૂ લેવાના ઈરાદે તેને ગાલ ઉપર તમાંચો પણ ચોડી દીધો હતો.

વાપી ડુંગરા પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગતો અનુસાર, વાપી નજીકના છીરી રણછોડનગર વિસ્તારમાં 21 વર્ષીય યુવતી પોતાની બહેનપણી સાથે જઈ રહી હતી ત્યારે છીરી ગણેશનગરમાં રહેતા અનિલ નામના શખ્સે યુવતીનો પીછો કર્યો હતો. શખ્સ યુવતીને "ઓયઓય" કહી બોલાવતો હતો અને યુવતીએ તેની અવગણના કરી આગળ વધવા લાગી ત્યારે શખ્સે ગુસ્સામાં આવી યુવતીના ગાલ પર તમાચો માર્યો હતો. યુવતીએ હિંમત કરીને વાપી ડુંગરા પોલીસ મથકમાં અનિલ નામના શખ્સ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે સંલગ્ન કાર્યવાહી હાથ ધરી છે.